GJDH050002832020

ફરીયાદ રજૂ તારીખ :– ૧૦–૦૨–૨૦૨૦

ફરીયાદ દાખલ તારીખ :– ૧૦–૦૨–૨૦૨૦

ફરીયાદ નિકાલ તારીખ:– ૦૫–૦૮–૨૦૨૬

સમય અવધિ :– વર્ષ માસ દિવસ

==================================================

**મે.ઝાલોદના સેકન્ડ એડીશ્નલ સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ઝાલોદ.**

==================================================

**ક્રિમીનલ કેસ નંબર : ૨૫૩/૨૦૨૦**

**આંક :**

**ફરિયાદી** : **શ્રી સરકાર,**

**વિરૂધ્ધ**

**આરોપીઓ** : (૧) રાજેશભાઈ રમેશભાઈ ડામોર

(૨) માલુભાઈ સોમાભાઈ નિસરતા

(૩) કમલેશભાઈ મોતીભાઈ ડામોર

(૪) તાજુભાઈ રામુભાઈ ડામોર

ચારેય રહે.થાળા ઘાટી ફળીયુ,તા.ઝાલોદ.

**ગુન્હો : ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.**

==================================================

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.એમ.પ્રજાપતિ.

આરોપીઓ પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી પી.ડી.ભાટીયા.

==================================================

**–: ચુકાદો :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોનાઓને મા બેન સમાણી ગાળો બોલી અને ગડદપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ –૩૨૩ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે જેથી સદર ગુના બાબતની વિગતવારની ફરીયાદ સંબંધીત પો.સ્ટે. માં આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદના નિવેદનો નોંધી, પંચો રૂબરૂ પંચનામા કરી, આરોપીઓને અટક કરી સમગ્ર તપાસના અંતે આરોપી ઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપીઓ વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ/વોરંટ કરતા, આરોપીઓ હાજર થતા ફો.કા.અ.ની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપીઓ વિરૂધ્ધ આંક–૨૩ થી તહોમતનામું ફરમાવી, આરોપીનો આંક–૨૪ થી આંક–૨૭ સુધી જવાબ લેવામાં આવતાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો સ્પષ્ટ પણે ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| | | | |
|---|---|---|---|
| (૧) | ફરીયાદી | લક્ષ્મણભાઈ પરમાર | આંક–૫૨ |
| (૨) | સાહેદ | કંકુબેન પરમાર | આંક–૫૪ |
| (૩) | સાહેદ | રમેશભાઈ પરમાર | આંક–૫૭ |
| (૪) | સાહેદ | મનુભાઈ પરમાર | આંક–૫૮ |

## (બ) દસ્તાવેજી પુરાવા :–

(૧) ફરીયાદ આંક–૫૩

(૪) આ સિવાય અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદીપક્ષ દવારા રજુ કરવામા આવેલ નથી.

(૫) સદર કામે ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ ન આવતા આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. તેમજ બન્ને પક્ષે દલીલો સાંભળી.

(૬) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

## –:: મુદ્દા ::–

૧. શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોનાઓને મા બેન સમાણી ગાળો બોલી અને ગડદપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ – ૩૨૩ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## –: કા ર ણો :–

(૮) **મુદ્દા નં. (૧) તથા (૨) :–**

પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય, ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–પર થી ફરિયાદી લક્ષ્મણભાઈ પરમારને અદાલત રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે સદર સાહેદનો પુરાવો વં ચાણે લેતાં મુખ્યત્વે રીતે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ ૨૦૧૯મા થાળા ગામે તળાવની પાળ ઉપર રાતના અઢી વાગ્યાના અરસામાં બનેલો. બનાવ સમયે હુ મારા ઘરે સુતો હતો તે વખતે દિપાભાઇને પોલીસ પકડીને મારા ઘરે લઇ આવેલી. પછી પોલીસ વાળા કહેલ કે આ કોણ છે તેમને ઓળખ ત્યારે મે કહેલ કે હુ ઓળખુ છુ. તે મારા બનેવી હતા. અમને ગાડીમા બેસાડી લઇ ગયેલ પોલીસ સ્ટેશને મને પોલીસ વાળાએ મારેલો. બે દિવસ પોલીસ સ્ટેશને રહયા હતા પછી અમે ઘરે ગયેલ. ફરીથી પોલીસ વાળા એ અમને બોલાવેલ તયારે પરીવારના પોલીસ સ્ટેશને ગયેલ અને સામાવાળા રાજેશભાઇ, કમલેશભાઇ, તાજુભાઈ અને માલુભાઈનાઓ અમારા ઘરે ગયેલા અને ભેંસને લોખંડની લાકડીઓ મારેલી. અમારા ઘરની વહુઓએ ઘરે હતી અને અમો પોલીસ સ્ટેશને હતા ત્યારે મારા ભાઈ સુકરમે ફોન કરીને જણાવેલ કે તમે લોકો પોલીસ સ્ટેશન છો અને સામાવાળા અમારી પાછળ પડયા છે. ત્યાર બાદ રાજેશભાઇ પોલીસ સ્ટેશન આવેલા અને ત્યાં રાજેશભાઇએ મને ઝાપટ મારેલી. મે લીમડી પોલીસ સ્ટેશન મે ફરીયાદ આપેલી જે ફરીયાદ મને બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૩ આપવામા આવેલ છે. આજરોજ કોર્ટમા આરોપી નં.૧ હાજર હોય જેને હુ ઓળખુછુ બીજા આરોપીઓઅની અરજી હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

સદરહુ સાહેદ ઉલટતપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના છે તેથી વર્ષોથી હુ તેમને આળખુ છુ. એ વાત ખરી નથી કે આરોપી કમલેશભાઇ મોતીભાઇ ડામોરના ઘરે ૨૦૧૯મા ચોરી થયેલી. દિપાભાઇ દલજીભાઇ માવી મારા બનેવી થાય છે તથા આપસીંગભાઇ કલજીભાઇ માવી મારા વેવાઇ થાય છે. જેમાથી દિપાભાઇને પોલીસ પકડીને લાવેલી. એ વાત ખરી નથી કે દિપાભાઇને ચોરીના કેસમા

પોલીસ પકડીને લાવેલી.જે બાદ પોલીસ મને પણ પકડી લઇ ગયેલી. એ વાત ખરી છે કે પોલીસ મને તથા દિપાભાઇને પકડી લાવ્યા બાદ લોકપ મા રાખેલ અને જામીન પર છોડેલા. એ વાત ખરી છે કે આરોપી રાજેશભાઇ અમારા ગામના સરપંચના પતિ થાય છે. એ વાત ખરી છે કે, આરોપી કમલેશ, માલુ અને તાજુ ગ્રામ પંચાયતની ચુટણીમા રાજેશભાઇના સમર્થનમા રહેતા હોય છે. એ વાત ખરી છે કે અમારા ગામના સુમિત્રાબેન રાજેશભાઇની પત્નીની સામે ચુંટણી લડે છે. મારો ભાઇ સુમિત્રાના ટેકામા રહે છે અને હુ રાજેશભાઇના ટેકામા રહુ છુ. એ વાત ખરી છે કે આ ચુંટણીમા સુમિત્રાબેન હારી ગયેલી. પોલીસ સ્ટેશને મને તથા મારા બનેવીને પોલીસ પકડી લાવ્યા બાદ ગામના કોઇ માણસો ભેગા થયેલા નહિ. બનાવ સમયે હુ પોલીસ સ્ટેશને હતો. બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે મને પોલીસ પકડી લાવી અને જામીનપર છોડયો તે સમય દરમીયાન મને પોલીસે લોકઅપમા રાખેલ હતો. એ વાત ખરી છે કે લીમડી પોલીસ સ્ટેશનમા અંદર તથા બહાર બાજુ  સી.સી.ટી.વી કેમેરા મુકેલા છે. મે ફરીયાદ મારી જાતે લખાવેલી. એ વાત ખરી નથી કે મે મારી પોલીસ ફરીયાદમા એવુ લખાવેલ નથી કે રાજેશભાઇએ મને ઝાપટ મારેલી. એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ મને કોઇ ઝાપટ મારેલ નથી પરંતુ અમોએ રાજકીય અદાવતમા  હાલની  ખોટી ફરીયાદ આપી આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૫૪ થી સાહેદ કંકુબેન પરમારને અદાલત રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે સદર સાહેદનો પુરાવો વં ચાણે લેતાં મુખ્યત્વે રીતે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ ૨૦૧૯મા થાળા ગામે તળાવની પાળ ઉપર સવારમા દશ થી અગિયાર વાગ્યાના અરસામાં બનેલો. બનાવ સમયે હુ તથા મારા ઘરના બધા પરીવારના સભ્યો  ઘરે હતા.અમારા ઘરના માણસો  લીમડી પોલીસ સ્ટેશને ગયેલા. અમો ઘરે હતા તે સમયે રાજેશભાઇ, કમલેશભાઇ, તાજુભાઇ અને માલુભાઇનાઓ અમારા ઘરે ગયેલા.  અમારા ઘરે આવેલા અને ભેંસને લાકડીઓ વડે મારાવા લાગેલા.અને આ લોકો અમને મારીશુ તેવુ બોલતા

હતા અને ગાળો બોલતા હતા. અમે બધા ત્યાથી ભાગી ગયેલા. ત્યારબાદ મારા સાસુ સસરા મારા બાબા સસરાનાઓને પોલીસ સ્ટેશને બોલાવેલા. આજરોજ કોર્ટમા આરોપી નં.૧ હાજર હોય જેને હુ ઓળખુછુ બીજા આરોપીઓઅની અરજી હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

સદરહુ સાહેદ ઉલટતપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના છે તેથી વર્ષોથી હુ તેમને આળખુ છુ. એ વાત ખરી છે કે આરોપી કમલેશભાઇ મોતીભાઇ ડામોરના ઘરે ૨૦૧૯મા ચોરી થયેલી. એ વાત ખરી છે કે આ ચોરીના કેસમા અમારા બનેવી દિપાભાઇને પોલીસ પકડીને લાવેલી. એ વાત ખરી છે કે દિપાભાઇને પોલીસ પકડી લાવતા તેમને મારા પતિ લક્ષમણભાઇનુ નામ આપતા પોલીસ મારા પતિને ચોરીના કેસમા પકડી લાવેલી. બીજા દિવસે તેમને જામીન પર છોડેલ. અમારા ફળીયામા આશરે પચાસેક ઘરો આવેલા છે. અને આશરે ત્રણસો માણસની વસ્તી છે.એ વાત ખરી નથી કે કહેવાતા બનાવ સમયે આજુબાજુના લોકો આવી ગયેલા. એ વાત ખરી છે કે, અમે લોકો ત્યાથી જતા રહેલા જેથી કોણ શુ બોલતુ હતુ તે મને ખબર નથી. એ વાત ખરી નથી કે આવો કોઇ બનાવ બનેલ નથી અને મારા પતિએ ફરીયાદ આપેલ હોઇ તેમના સમર્થનમા આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૫૭ થી સાહેદ રમેશભાઈ પરમારને અદાલત રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે સદર સાહેદનો પુરાવો વં ચાણે લેતાં મુખ્યત્વે રીતે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે પાંચથી છ વર્ષ અગાઉ લીમડી પોલીસ સ્ટેશનમા બપોરના બે વાગ્યાના અરસામા બનેલો. અમારા ગામના સરપંચ રાજેશભાઇએ મારા ભાઇના છોકરા કિશન સાથે મારામારી કરી હતી તેથી હુ તથા મારો ભાઇ લીમડી પો.સ્ટેશને ફરીયાદ નોંધાવવા ગયા હતા ત્યા રાજેશભાઇ આવેલા અને મારા ભાઇ મનુભાઇ સાથે મારા મારી કરેલી. આરોપીને હુ ઓળખુ છુ આરોપીઓ આજરોજ કોર્ટમા હાજર નથી આરોપીઓની અરજી હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

સદરહુ સાહેદ ઉલટતપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના છે તેથી વર્ષોથી હુ તેમને આળખુ છુ. એ વાત મને ખબર નથી કે આરોપી કમલેશભાઈ મોતીભાઈ ડામોરના ઘરે ૨૦૧૯મા ચોરી થયેલી. દિપાભાઈ દલજીભાઈ માવી મારા ભાણજા જમાઈ થાય છે તથા આપસીંગભાઈ કલજીભાઈ માવી મારા વેવાઈ થાય છે. જેમાથી દિપાભાઈને પોલીસ પકડીને લાવેલી. એ વાત ખરી છે કે દિપાભાઈને ચોરીના કેસમા પોલીસ પકડીને લાવેલી. એ વાત ખરી છે કે આરોપી રાજેશભાઈ અમારા ગામના સરપંચના પતિ થાય છે. એ વાત ખરી છે કે, આરોપી કમલેશ, માલુ અને તાજુ ગ્રામ પંચાયતની ચુટણીમા રાજેશભાઈના સમર્થનમા રહેતા હોય છે. એ વાત ખરી છે કે અમારા ગામના સુમિત્રાબેન રાજેશભાઈની પત્નીની સામે ચુંટણી લડે છે. મારો ભાઈ સુમિત્રાના ટેકામા રહે છે અને હુ રાજેશભાઈના ટેકામા રહુ છુ. એ વાત ખરી છે કે આ ચુંટણીમા સુમિત્રાબેન હારી ગયેલી. બનાવ સમયે હુ ઘરે હતો. બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ ફરીયાદીને કોઈ મારકુટ કરેલ નથી પરંતુ અમોએ રાજકીય અદાવતમા ફરીયાદ મારા ભત્રીજાએ આપેલી તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક-૫૮ થી સાહેદ મનુભાઈ પરમારને અદાલત રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો વં ચાણે લેતાં મુખ્યત્વે રીતે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે ચાર વર્ષ અગાઉ લીમડી પોલીસ સ્ટેશનમા સાંજના ચાર વાગ્યાના અરસામા બનેલો. અમારા ગામના સરપંચ રાજેશભાઈએ મારા છોકરા કિશન સાથે મારામારી કરી હતી તેથી હુ તથા મારો ભાઈ રમેશ લીમડી પો.સ્ટેશને ફરીયાદ નોંધાવવા ગયા હતા ત્યા રાજેશભાઈ આવેલા અને મને તથા રમેશની સાથે મારામારી કરેલી. ત્યા કોઈ બેન બેઠેલ હતા તેમને કહેલ કે આ લોકોને શા માટે મારે છે. કઈક મરી જશે તેવુ કહેલ. આરોપીને હુ ઓળખુ છુ આરોપીઓ આજરોજ કોર્ટમા હાજર નથી આરોપીઓની અરજી હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

સદરહુ સાહેદ ઉલટતપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના છે તેથી વર્ષોથી હુ તેમને આળખુ છુ. એ વાત મને ખબર નથી કે આરોપી કમલેશભાઈ મોતીભાઈ ડામોરના ઘરે ૨૦૧૯મા ચોરી થયેલી. દિપાભાઈ દલજીભાઈ માવી મારા બનેવી થાય છે તથા આપસીંગભાઈ કલજીભાઈ માવી મારા વેવાઈ થાય છે. જેમાથી દિપાભાઈને પોલીસ પકડીને લાવેલી. એ વાત ખરી નથી કે દિપાભાઈને ચોરીના કેસમા પોલીસ પકડીને લાવેલી. એ વાત ખરી છે કે આરોપી રાજેશભાઈ અમારા ગામના સરપંચના પતિ થાય છે. એ વાત ખરી છે કે, આરોપી કમલેશ, માલુ અને તાજુ ગ્રામ પંચાયતની ચુટણીમા રાજેશભાઈના સમર્થનમા રહેતા હોય છે. એ વાત ખરી છે કે અમારા ગામના સુમિત્રાબેન રાજેશભાઈની પત્નીની સામે ચુંટણી લડે છે. મારો ભાઈ સુમિત્રાના ટેકામા રહે છે અને હુ રાજેશભાઈના ટેકામા રહુ છુ. એ વાત ખરી છે કે આ ચુંટણીમા સુમિત્રાબેન હારી ગયેલી. બનાવ સમયે હુ પોલીસ સ્ટેશને હતો.એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ મને કોઈ ઝાપટ મારેલ નથી પરંતુ અમોએ રાજકીય અદાવતમા ફરીયાદ મારા ભાઈએ આપેલી તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

(૧૦) આમ, હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા, સમગ્ર રીતે ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી પોતાની સરતપાસમા બનાવ સબંધી હકીકતો ને સમર્થન કરતા હોય તેમજ ઉલટતપાસમા એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના છે તેથી વર્ષોથી હુ તેમને આળખુ છુ. એ વાત ખરી છે કે પોલીસ મને તથા દિપાભાઈને પકડી લાવ્યા બાદ લોકપ મા રાખેલ અને જામીન પર છોડેલા. એ વાત ખરી છે કે આરોપી રાજેશભાઈ અમારા ગામના સરપંચના પતિ થાય છે.એ વાત ખરી છે કે આ ચુંટણીમા સુમિત્રાબેન હારી ગયેલી. પોલીસ સ્ટેશને મને તથા મારા બનેવીને પોલીસ પકડી લાવ્યા બાદ ગામના કોઈ માણસો ભેગા થયેલા નહિ. બનાવ સમયે હુ પોલીસ સ્ટેશને હતો. બનાવ મે નજરે જોયેલ નથી તેમજ વધુમા સાહેદ

રમેશભાઈ તથા સાહેદ મનુભાઈનો પુરાવો જોતા એ વાત ખરી છે કે આરોપીઓ અમારા ગામના છે તેથી વર્ષોથી હુ તેમને આળખુ છુ.એ વાત ખરી છે કે દિપાભાઇને ચોરીના કેસમા પોલીસ પકડીને લાવેલી. એ વાત ખરી છે કે આરોપી રાજેશભાઇ અમારા ગામના સરપંચના પતિ થાય છે.એ વાત ખરી છે કે આ ચુંટણીમા સુમિત્રાબેન હારી ગયેલી. બનાવ સમયે હુ ઘરે હતો, બનાવ નજરે જોયેલ નથી તેમજ વધુમા હાલના કામે પંચસાહેદોને કોર્ટ દવારા વારંવાર સમન્સ ઈસ્યુ કરાવવા છતા પંચો હાજર રહેલ નથી ત્યારે હાલના કામે પંચસાહેદોને તપાસવામા આવેલ નથી વધુમા હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથ મિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીઓએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઈ શકે, આમ સદર કામના આરોપીઓ સામે સીધો અને સ્પષ્ટ માનવાલાયક પુરાવાની ગેરહાજરી સબબ સદર આરોપીઓ સામે કોઈ ગુનો બનતો ન હોય,ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં તેમજ સદર કેસનો પુરાવો ધ્યાને લ ેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે પુરાવો રજુ કરી શકેલ નથી અને આક્ષેપિત ગુનાના તત્વો રેકર્ડ પર આવેલ નથી. જેથી ઉપર મુજબ મુદ્દા નં .૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.ર અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી નં.(૧)રાજેશભાઈ રમેશભાઈ ડામોર (ર) માલુભાઈ સોમાભાઈ નિસરતા (૩) કમલેશભાઈ મોતીભાઈ ડામોર (૪) તાજુભાઈ રામુભાઈ ડામોર,ચારેય રહે.થાળા ઘાટી ફળીયુ,તા.ઝાલોદનાઓને ઈ.પી.કો.

કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી ફો.કા.અ.ની કલમ – ૨૪૮ (૧) અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીઓ એ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૮/૨૦૨૬
સ્થળ :– ઝાલોદ

**( નેહારીકા રાઘવ )**
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ઝાલોદ
( જજ કોડ :– જી.જે.૦૧૩૮૪ )